તા-૭ /૦૫/૨૦૨૦



# સુડોકુ

| | | | | | |
|---|---|---|---|---|---|
| 3 | | | 5 | | 6 |
| | 1 | | | 2 | |
| 4 | | | | | |
| | | | | | 3 |
| | 2 | | | 6 | |
| 6 | | 4 | | | 1 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 2 | 1 | | | | 3 |
| | | | 4 | | 2 |
| | 3 | | | | |
| | | | | 6 | |
| 1 | | 3 | | | |
| 4 | | | | 3 | 5 |

## ઉખાણું

વનનો એ રાજા કહેવાતો
શિકાર કરીને પેટ ભરતો,
નહીં કોઇ કશાથી ડરતો
ગીરજંગલમાં જોવા મળતો.

## જોડકણા

ચાંદો-સૂરજ રમતા'તા,
રમતાં રમતાં કોડી જડી.
કોડીનાં મેં ચીભડાં લીધાં,
ચીભડે મને બી દીધાં.

બી મેં વાડમાં નાંખ્યાં,
વાડે મને વેલો દીધો.
વેલો મેં ગાયને નીર્યો,
ગાયે મને દૂધ આપ્યું.

દૂધ મેં મોરને પાયું,
મોરે મને પીંછું આપ્યું.
પીંછું મેં બાદશાહને દીધું,
બાદશાહે મને ઘોડો આપ્યો.

ઘોડો મેં બાવળીએ બાંધ્યો,
બાવળીએ મને શૂળ આપી.
શૂળ મેં ટીંબે ખોસી,
ટીંબે મને માટી આપી.

માટી મેં કુંભારને આપી,
કુંભારે મને ઘડો દીધો.
ઘડો મેં કૂવાને આપ્યો,
કૂવાએ મને પાણી આપ્યું.

પાણી મેં છોડને પાયું,
છોડે મને ફૂલ આપ્યું.
ફૂલ મેં મહાદેવને ચઢાવ્યું,
મહાદેવે મને ભાઈ આપ્યો.

# ક્રિયાકલાપ

| | |
|---|---|
| વર્ણન | ૭૪.૧ નૈવેદ્ય ધરાવવાની પ્રક્રિયા<br>૭૪.૨ નમસ્કાર અથવા પ્રણામ<br>૭૪.૩ ચંદન ઘસવું<br>૭૪.૪ તાળી પાડીને કીર્તન કરવું<br>૭૪.૫ સ્તોત્ર, પ્રાર્થના, શ્લોક વગેરેના શબ્દકોશ પ્રમાણે અર્થ કરવા |



# ચિત્ર



# વાર્તા



## એ સ્ત્રી કોણ હતી, ખબર છે ?

– ડૉ.આઈ.કે. વીજળીવાળા

શિયાળાનો સમય હતો. ન્યૂયૉર્કની સડકો બરફથી છવાઈ ગઈ હતી. એ વખતે નવેક વરસની ઉંમરનો એક છોકરો ટાઢથી ઠૂંઠવાતો એક ડિપાર્ટમેન્ટલ સ્ટોરના શોકેસના બહારના કાચની આરપાર તાકી તાકીને કંઈક જોઈ રહ્યો હતો. આવી કાતિલ ઠંડીમાં એણે શરીર પર થોડાંક ચીંથરાં વીંટાળ્યાં હતાં. એના પગ ખુલ્લા હતા. ઠરી જતા આંગળાંઓને રાહત આપવા માટે વારંવાર એ એક પછી એક પગ ઊંચો લઈ લેતો હતો. એના હોઠ સાવ ફાટી ગયા હતા. એના પર પડેલા ચીરાઓમાંથી નીકળેલું લોહી પણ જામી ગયું હતું. એ ખૂબ જ ભૂખ્યો હશે એવું તો એના દેખાવ પરથી કોઈ પણ કહી શકે તેમ હતું. ડિપાર્ટમેન્ટલ સ્ટોરના સંપૂર્ણ પારદર્શક કાચમાંથી નજરે પડતાં બૂટ, ગરમ કપડાં, બ્રેડ વગેરે ચીજોને જોતાં જોતાં એ જાણે કે ક્યાંક ખોવાઈ જ ગયો હતો.

'બેટા ! આટલી ઠંડીમાં ક્યારનો તું એ કાચની આરપાર શું જોઈ રહ્યો છે ?' શ્રીમંત દેખાતી એક સ્ત્રીએ એના ખભા પર હાથ મૂકીને કહ્યું. પેલો છોકરો ચમકી ગયો. પછી હળવેથી બોલ્યો, 'મેમ, હું ભગવાનને પ્રાર્થના કરતો હતો કે મને પેલા બૂટ અપાવે. મારા પગ હવે ઠંડી સહન નથી કરી શકતા ને એટલે એ જલદીથી મોકલાવે એવું હું એમને કહેતો હતો !' એકદમ બાળસહજ નિખાલસતાથી એ છોકરાએ જવાબ આપ્યો.

પેલી પૈસાદાર દેખાતી સ્ત્રી થોડીક ક્ષણો વિચારમાં પડી ગઈ. એ પેલા છોકરા સામે જોઈ રહી. પછી એનો હાથ પકડીને એ એને સ્ટોરની અંદર લઈ ગઈ. કાઉન્ટર પર બેઠેલા માણસને એણે આ છોકરાના માપના સારામાં સારા બૂટ અને મોજા કાઢવાનું કહ્યું. પછી કપડાંના કાઉન્ટર પર જઈ એના માપનાં કપડાં અને ગરમ કોટ કઢાવ્યાં. આ દરમિયાન એણે નોકરને બાથરૂમમાં ગરમ પાણી તૈયાર રાખવાનું કહી દીધું હતું. એણે એ

બાળકના હાથ–પગ ગરમ પાણીથી ધોવડાવી એને નવાં ગરમ કપડાં પહેરાવ્યાં. પછી સ્ટોરની કેન્ટીનમાં સેન્ડવિચ અને ગરમ ચોકલેટનો નાસ્તો કરાવ્યો. ત્યારબાદ કાઉન્ટર પરના માણસને આ છોકરાના બૂટ બરાબર બાંધી આપવાનું કહી એ પેલા છોકરાને બાય–બાય કરીને બહાર જવા માટે બારણા તરફ આગળ વધી.

'અલ્યા છોકરા ! તું ઓળખે છે એ સ્ત્રીને ? એ સ્ત્રી કોણ હતી તને ખબર છે ?' બૂટની વાધરી બાંધતાં બાંધતાં કાઉન્ટર પરના માણસે એ છોકરાને પ્રશ્ન કર્યો.

એ બાળકે માથું હલાવીને હા પાડી.

પોતાની અને આ સ્ટોરની માલકણને આ શેરીમાં રખડતો છોકરો ક્યાંથી ઓળખે એ વાત હજુ પેલા કાઉન્ટર પરના માણસના મગજમાં ફિટ નહોતી બેસતી. છતાં ખાતરી કરવા માટે એણે પૂછ્યું, 'કોણ હતી એ કહે તો ?'

'એ ભગવાનનાં પત્ની હતાં !' આંખમાં છલકાઈ આવેલાં આંસુઓ સાથે એ બાળકે જવાબ આપ્યો, 'એ તો મેં પ્રાર્થના કરી હતીને એટલે બૂટ આપવા આવ્યાં હતાં !'.

**'મનનો માળો'માંથી સાભાર**

■

# વિજ્ઞાન પ્રયોગ

## કંપન




**સૂચનાઓ :**

- એક ફુગ્ગાને ફુલાવી દોરી બાંધી દો.
- તેને તમારા કાનની બાજુમાં મૂકો અને તમારા મિત્રને ફુગ્ગાની સામેની બાજુ હોઠ ફુગ્ગા ઉપર દબાવીને બોલવાનું કહો.
- બીજું સ્ટેપ ફરી વખત કરો, પણ આ વખતે તમે બોલો અને તમારા મિત્રને સાંભળવાનું કહો.

## સારાંશ :

ફુગ્ગામાંથી થતી ધ્રુજારીનો તમે અનુભવ કરી શકો છો. જ્યારે ફુગ્ગાની સપાટી ઉપર હોઠ દ્વારા કંપન થાય છે, ત્યારે તમે તમારા પોતાના અવાજને સાંભળી શકો છો.

## સિદ્ધાંત :

જ્યારે કોઈ વસ્તુ હલે છે ત્યારે તેની ફરતે હવામાં કંપન થાય છે. જે અવાજનાં મોજાં બનાવે છે.



| ગૃહકાર્ય |
| --- |
| https://vimeo.com/showcase/7066925 |
| https://vimeo.com/showcase/7067071 |
| https://www.youtube.com/watch?v=ouT8ZFm_Yzg&feature=youtu.be |
| આજે આપણે મમ્મી પાસેથી શર્ટ-પેન્ટ કેવી રીતે સંકેલવા? તે શીખીશું... અને પપ્પાનાં કપડા સંકેલીને ખાનું ગોઠવીશું... અને પપ્પા ૧૦૦ માંથી કેટલા માર્ક્સ આપે છે? તે પૂછીશું... બાળમિત્રો, ૧૦૦ માંથી ૧૦૦ આવે તેવું ગોઠવજો... Good Luck... |
| પ્ર.૧ - આપણા ઘરમાં પાણીનો બગાડ ક્યાં થાય છે ?<br>પ્ર.૨ - આપણે પાણીનો બચાવ કરવા શું કરી શકીએ ?<br>પ્ર.૩ - 'પાણીનો બચાવ કરવાનો છે' આ વાત બધાને રોજ યાદ રહે તેના માટે શું કરીશું ? |
| હવે, ઘરના સભ્યોના નામનાં શબ્દો પર તેમના ગુણો દર્શાવતું વાક્ય બનાવવાનું છે... થોડું મગજ કસો... જરૂર વાક્ય બની જશે... |

| રમત |
| --- |
| https://vimeo.com/showcase/7067061 |
| https://vimeo.com/showcase/7067064 |

નીચે ભૌમિતિક ચિત્રો આપ્યાં છે. તે દરેક પર એક-એક અક્ષર પણ છે. ચિત્રોમાં સંપૂર્ણતાનો ક્રમ પકડી, તે પરના અક્ષરને નીચે ગોઠવી, વાક્ય શોધી શકશો ? (શરૂઆત કરી આપી છે.)




વાક્યઃ ત

## મેરા ભારત મહાન.




## -: રામાયણ :-

શ્રી રામ અને લક્ષ્મણને નાગપાસ માંથી મુક્ત કરાવનાર કોણ?

# दुर्लभं भारते जन्म

## અનંત-વાસુદેવ મંદિર, ભુવનેશ્વર, ઓડિસા



ભગવાન વિષ્ણુના આઠમા અવતાર એટલે શ્રીકૃષ્ણ ભારતીયલોકોના હૃદય સમ્રાટ છે. તેમની ઉપાસનાર્થે ભારતના લગભગ દરેક ક્ષેત્રમાં આપણને ભગવાન શ્રીકૃષ્ણનું મંદિર મળી જશે. એવુજ એક મંદિર એટલે ઓડિસા રાજ્યના પાટનગર ભુવનેશ્વરમાં આવેલું અનંત-વાસુદેવ મંદિર. ઇસવીસનની ૧૩મી સદી દરમિયાન રાણી ચંદ્રિકાદેવી દ્વારા બનાવવામાં આવ્યું હતું, જે કલિંગના રાજા અનંગભીમ દેવની પુત્રી હતી. આ મંદિરમાં ઘણાબધા વૈષ્ણવના પ્રતીકો દર્શાવવામાં આવ્યા છે, અને તે દેખાવે લગભગ ભુવનેશ્વરના લિંગરાજા મંદિર જેવું જ લાગે છે. મંદિરની અંદર ભગવાન શ્રીકૃષ્ણ, ભગવાન બલરામ અને દેવી સુભદ્રાની પથ્થરની મૂર્તિઓ છે. જે પુરી ના જગન્નાથ મંદિરની લાકડાની મૂર્તિઓ કરતા જુદી છે. બલરામની મૂર્તિ સાત ફેણવાળા સર્પ નીચે છે, સુભદ્રાના હાથમાં એક અનમોલ રત્ન છે, અને ભગવાન શ્રીકૃષ્ણ એ હાથમાં ગદા, ચક્ર, કમળ અને શંખ ધારણ કરેલા છે. આ ઉપરાંત, મંદિરની બાજુમાં બીજા ઘણા લઘુ મંદિરો પણ છે અને મોટાભાગના સ્ત્રીરૂપી શિલ્પો ખૂબ જ શણગારવામાં આવેલા છે. અનંત વાસુદેવ ભગવાન વિષ્ણુનું નામ છે, અને લોક વાયકા એવી છે કે આ મંદિરના નિર્માણ પહેલા પણ અહીં ભગવાન વિષ્ણુની મૂર્તિની પૂજા કરવામાં આવતી હતી.

મરાઠા સમ્રાટ બાજીરાવ પેશવા, જેમણે ૧૭મી સાદીમાં આ ક્ષેત્રમાં પોતાનું સામ્રાજ્ય મહાનદી સુધી વિસ્તર્યું હતું, એ સમયે આ અનંત વાસુદેવ મંદિરનું નવીનીકરણ કરાવી તેનો જીર્ણોદ્ધાર કર્યો હતો.

| Yoga with Modi |
|---|
| https://www.youtube.com/watch?v=riURtZa6MhU&list=PLKrFtLRqyz6OAeHBgmTkKxH6K_Q5j2GC9&index=17 |

## -: અપેક્ષા રહિત કામ કરવું :-

| |
|---|
| શાર્દૂલ શિશુ વિહાર સુરત :- 7818088520<br>શાર્દૂલ શિશુ વિહાર જુનાગઢ :- 9722127743<br>શાર્દૂલ શિશુ વિહાર કર્ણાવતી :- 9904469844<br>શાર્દૂલ શિશુ વિહાર પુણે :- 7249696110 |
| પાછલા ઝરણાંની આવૃત્તિ માટે જાવ<br>http://www.shardul.org/ |
| https://www.facebook.com/Shardul.Official/ |